દિવ્ય ભાસ્કર
મુંબઈ, ગુરુવાર, ૧૩ માર્ચ ૨૦૦૮

# ૧૮ માર્ચ પૂર્વે સોનું ૧૦૦૦ ડોલરને સ્પર્શવાની ધારણા

## રિદ્ધિ સિદ્ધિ બુલિયન્સે શરૂ કરેલું સોનાનું સ્પોટ ઓટીસી એક્સચેન્જ

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

અમેરિકન ફેડરલ રિઝર્વની ૧૮મી માર્ચે મળનારી બેઠક પૂર્વે સોનું ૧૦૦૦ ડોલરને સ્પર્શી જશે. સ્થાનિકમાં પણ ભાવ હાલ રૂ. ૧૨૨૦૦ની સપાટી તોડે એવી સ્થિતિ દેખાતી નથી. બુલિયન ડીલર્સ રિદ્ધિ સિદ્ધિ બુલિયન્સ લિમિટેડના ડિરેક્ટર પૃથ્વીરાજ કોઠારીએ 'દિવ્ય ભાસ્કર'ને જણાવ્યું હતું કે વર્તમાન સંજોગોને જોતાં ૧૮મી માર્ચ પૂર્વે સોનું એકવાર ચોક્કસ ૧૦૦૦ ડોલરની સપાટીને સ્પર્શશે. ત્યારબાદ સોનું પ્રત્યાઘાતી તબક્કામાં પ્રથમ ૯૪૦-૯૫૦ ડોલરની રેન્જમાં આવે અને જો ત્યારે વૈશ્વિક પ્રવાહો સોનાને સાથ આપનાર નહીં હોય તો વધુ પીછેહઠ જોવા મળે. સ્થાનિકમાં હાલ ભાવ માટે રૂ. ૧૨,૨૦૦નું બોટમ છે એમ જણાવીને ઉમેર્યું હતું કે બજારમાં આવતી માલના અભાવને કારણે સ્થાનિકમાં રિસાઈકલીંગના કામકાજ વધ્યા છે. આ વર્ષે સોનાના ઊંચા ભાવને કારણે આયાતમાં ધરખમ ઘટાડો થયો હોવાથી સ્થાનિક ઝવેરીઓ માલની અછત અનુભવી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં અન્ય ચલણોની સામે ડોલરની નરમાઈ અને ક્રૂડના ઊંચા ભાવ સોનાની મજબૂતાઈ માટે મુખ્ય કારણ રહેશે. દરમિયાન રિદ્ધિ સિદ્ધિ બુલિયને ભારતમાં સોનાના ટ્રેડિંગ માટે પ્રથમવાર સ્પોટ પોરણે ઓવર ધ કાઉન્ટર ટ્રેડિંગ પ્લેટફોર્મ ઊભું કર્યું છે. ૧૦૦ ગ્રામ અને ૧ કિલો સોનાના તેમ જ ૩૦ કિલો ચાંદીના કોન્ટ્રેક્ટ રહેશે. જેના ડિલિવરી સેન્ટર મુંબઈ, અમદાવાદ અને હૈદરાબાદ રહેશે. આ પ્લેટફોર્મ પર હાલ ૧૯૦ ઝવેરીઓ સક્રિય છે અને સંખ્યા વધારીને ૯૦૦૦ સુધી કરવામાં આવશે. ચાર ટકા માર્જિન રાખવામાં આવ્યું છે અને ટ્રેડિંગના કામકાજ સવારના દસથી રાતના નવ વાગ્યા સુધીના રહેશે. આ ટ્રેડિંગ પ્લેટફોર્મને કારણે ઝવેરીઓને તેમની માગ મુજબની સોનાની ખરીદી કરવી સરળ પડશે. તેમ જ આર્બિટ્રેજની સુવિધા પણ ઉપલબ્ધ થશે એમ પૃથ્વીરાજ કોઠારીનું જણાવવું હતું.